રાજ્યમાં યોજાતી ક્રિકેટ મેચ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી અર્થે On Paymentના ધોરણે ફાળવવામાં આવતા પોલીસ બંદોબસ્ત માટેના દર નક્કી કરવા બાબત.

**ગુજરાત સરકાર**
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:HD/MSM/e-file/8/2025/1195/SB1
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: As per e-sign

**પ્રસ્તાવના:**

રાજ્યમાં અલગ અલગ સ્થળોએ ટેસ્ટ, વન-ડે, ટી-૨૦ તેમજ આઇ.પી.એલ. જેવી ક્રિકેટ મેચોનું આયોજન કરવામાં આવે છે. આ ક્રિકેટ મેચોમાં, ટીમની લોકપ્રિયતા અને સ્થાનિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, જરૂરીયાત મુજબ ખાસ પોલીસ બંદોબસ્ત On Payment ના ધોરણે ફાળવવામાં આવે છે. રાજ્યમાં અલગ અલગ સ્થળોએ યોજાતી આવી વિવિધ મેચો દરમિયાન ફાળવવામાં આવતા On Payment પોલીસ બંદોબસ્ત માટે આયોજકો પાસેથી નાણાની વસૂલાત બાબતે કોઇ ચોક્કસ નીતિ નિર્ધારીત થયેલ ન હોઇ આ અંગેની ચોક્કસ નીતિ બનાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે રાજ્યમાં અલગ અલગ સ્થળોએ યોજાનાર અલગ-અલગ કેટેગરીની ક્રિકેટ મેચો માટે On Payment ના ધોરણે ફાળવવામાં આવનાર પોલીસ બંદોબસ્ત માટે નીચેના કોષ્ટકમાં જણાવ્યા મુજબના દરો આથી નિશ્ચિત કરવામાં આવે છે.

| ક્રમ | કેટેગરી | નિશ્ચિત થયેલ દર |
|---|---|---|
| ૧ | ટેસ્ટ મેચ (૫ દિવસીય) | રૂ.૨૫ (પચ્ચીસ) લાખ |
| ૨ | વન-ડે મેચ | રૂ.૨૫ (પચ્ચીસ) લાખ |
| ૩ | ટી-૨૦ / IPL મેચ | રૂ.૧૦ (દસ) લાખ |

રાજ્યમાં કોઇ પણ સ્થળે રમાનાર ક્રિકેટ મેચમાં On Payment ના ધોરણે ફાળવવામાં આવનાર પોલીસ બંદોબસ્ત અંગેના નિશ્ચિત થયેલ દર વસૂલતી વખતે નીચેની બાબતો ધ્યાને રાખવાની રહેશે.

(૧) On Payment ના ધોરણે પોલીસ બંદોબસ્ત પૂરું પાડવા બાબતે ઉક્ત નિશ્ચિત થયેલ શુલ્કની રકમ નક્કી કરવામાં આવેલ છે.

(૨) નિશ્ચિત થયેલ શુલ્ક ઉપરાંતના વધારાના પોલીસ બંદોબસ્ત માટેના શુલ્ક ફક્ત અપવાદરૂપ સંજોગોમાં જ વસૂલવાના રહેશે. (દા.ત. મેચના આયોજન અંગે મળેલી ધમકીઓ કે કોઇ થ્રેટને ધ્યાનમાં રાખી ફાળવવામાં આવનાર વધારાના પોલીસ બંદોબસ્ત જેવા કિસ્સાઓમાં.)

(૩) કોઇ પણ સંજોગોમાં ફાળવવામાં આવેલ વધારાના પોલીસ બંદોબસ્ત માટેની રકમ, નિશ્ચિત થયેલ શુલ્કની રકમના ૨૫% થી વધુ હોવા જોઇશે નહી.

(૪) ઉક્ત નિશ્ચિત થયેલ શુલ્કમાં સ્ટેડિયમની અંદર તેમજ બહારની સુરક્ષા વ્યવસ્થાનો પણ સમાવેશ કરવાનો રહેશે.

(૫) જે તે મેચ દરમિયાન જરૂર જણાયેથી સુરક્ષા માટેના જરૂરી સાધનો જેવા કે Luggage Scanner, Hand Metal Detector, Barricade વગેરે જેવી સુવિધાઓ સંબંધિત પોલીસ ઑથોરીટી દ્વારા વિનામુલ્યે પૂરી પાડવાની રહેશે.

(૬) On Payment ના ધોરણે ફાળવવામાં આવેલ પોલીસ બંદોબસ્તના તમામ સુરક્ષાકર્મીઓને જો Food

Packets અને Mineral Water ઉપલબ્ધ કરાવવામા આવે તો સબંધિત આયોજકોએ તેનો અલગથી કોઇ શુલ્ક પોલીસ ઑથોરીટી પાસેથી વસૂલવાનો રહેશે નહી તેમજ બંદોબસ્ત માટે ફાળવવામાં આવેલ પોલીસના અધિકારીશ્રીઓ માટે જરૂર જણાયેથી Control Roomની વ્યવસ્થા સંબંધિત આયોજકો દ્વારા કરવાની રહેશે.

(૭) On Payment ના ધોરણે ફાળવવામાં આવેલ પોલીસ બંદોબસ્ત પૂરો પાડવા માટે ઉપર મુજબ નિશ્ચિત થયેલ શુલ્ક મારફત પ્રાપ્ત થતી રકમ મહેસૂલી આવક હેઠળના મુખ્ય સદર ૦૦૫૫ (પોલીસ), ૧૦૨ (અન્ય પક્ષકારોને પૂરી પાડેલી પોલીસ) હેઠળ જમા કરાવવાની રહેશે.

(૮) નિશ્ચિત થયેલ શુલ્કની રકમ, મેચની તારીખથી એક મહિનાની અંદર જમા કરાવવાની રહેશે, અન્યથા On Payment ના ધોરણે પોલીસ બંદોબસ્ત પૂરું પાડનાર ઑથોરીટી દ્વારા નિયમાનુસાર નક્કી થયેલ દર મુજબ વ્યાજની વસૂલાત કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૧૯/૦૫/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રધ્ધા પરમાર)
ઉપસચિવ (કા.વ્ય.)
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કા. વ્ય.), પોલીસ ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઑડીટ), અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એકાઉન્ટ્સ), અમદાવાદ/રાજકોટ.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી (વહીવટ), પોલીસ ભવન, ગાંધીનગર.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ. (ઈ-મેઈલ મારફત)
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ. (ઈ-મેઈલ મારફત)
- નાણા સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી – આઇ.ટી. શાખા, ગૃહ વિભાગ (ગૃહ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરાવવા અંગે જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ)
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.
- શાખા પસંદગી ફાઈલ - ૨૦૨૫.

Signature Not Verified

Signed by: SHRADDHA GAMBHIRSINH PARMAR
Under Secretary (I/C)
Date:2025.06.10
19:22:14 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign